C.C. No. 3731-2026

**The Gujarat Prohibition Act**

GJVL020049992026

सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ કર્યા તારીખ | 20-05-2026 |
| રજી. કર્યા તારીખ | 20-05-2026 |
| ફેસલ કર્યા તારીખ | 17-08-2026 |
| સમય ગાળો | 00 વર્ષ 02 માસ 28 દિવસ |

## વલસાડના એડીશનલ જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, વલસાડ

ક્રિમિનલ કેસ નં. **3731/2026**

**CNR NO. - GJVL020049992026**

આંક:- 11

<u>ગુન્હો :- ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ-**65AA** મુજબ</u>

<u>વલસાડ સીટી પો.સ્ટે એફ. આઈ. આર. નં **:-11200010251772/2025**</u>

**ફરીયાદી** : **સરકાર**

ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ પી.પી શ્રી વી.આર.સોલંકી

**<u>વિરુધ્ધ</u>**

**આરોપીઓ** : દમયંતીબેન રાજેશભાઈ પટેલ

રહે.: અબ્રામા, એસ.ટી.વર્કશોપ સામે, તડકેશ્વર મંદિરની ગલીમાં, તા.જી.વલસાડ

આરોપી પક્ષ તર્ફે વિ.વ.શ્રી વી. કે. પટેલ

<u>ફોર્મ - બી</u>

| | |
|---|---|
| ગુનો બનાવ તારીખ | 11-12-2025 |
| ફરિયાદની તારીખ | 11-12-2025 |
| ચાર્જશીટ તારીખ | 11-12-2025 |
| તહોમતનામું ફરમાવ્યા અને પ્લીની તારીખ | 18-06-2026 |
| પુરાવા શરૂ કર્યા તારીખ | 27-07-2026 |
| ઠરાવ માટે મુલતવી તારીખ | 17-08-2026 |
| સજાનો હુકમ કર્યા તારીખ (જો હોય તો) | ------- |

## આરોપીની વિગત

| આરોપી નં. | આરોપી/ઓનું નામ | ધરપકડ તારીખ | જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ? | નિર્દોષ / કસૂરવાર | શું સજા? | સી. આર. પી.સી. /બી.એન.એસ.એસ. મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે? |
|---|---|---|---|---|---|---|---|
| **1.** | દમયંતિબેન રાજેશભાઈ પટેલ | - | - | ધી ગુજરાત પ્રોહિબિશન એક્ટ કલમ–**65 AA** મુજબ | નિર્દોષ | - | - |

## ફોર્મ–સી
## ફરિયાદ પક્ષ /બચાવ પક્ષ/ કોર્ટના સાહેદોનું લીસ્ટ

### (એ) ફરિયાદપક્ષ તરફે મૌખિક પુરાવો ;

| ક્ર. નં. | સાહેદની વિગત | પ્રકાર | આંક |
|---|---|---|---|
| **1.** | મેહુલભાઈ મનુભાઈ પટેલ | પંચ | ૦૫ |
| **2.** | નીતિનભાઈ દિલીપભાઈ દરજી | પંચ | ૦૭ |
| **3.** | સંજયભાઈ તુલસીભાઈ | ત.ક.અ | ૦૮ |

### (બી) બચાવપક્ષ તરફે પુરાવો ;

| ક્ર. નં. | સાહેદની વિગત | પ્રકાર | આંક |
|---|---|---|---|
| – | – | – | – |

(સી) કોર્ટ સાહેદ;

| ક્ર. નં. | સાહેદની વિગત | પ્રકાર | આંક |
|---|---|---|---|
| – | – | – | – |

ફરિયાદપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા;

| ક્ર. નં. | દસ્તાવેજનું વર્ણન | આંક |
|---|---|---|
| **1.** | પંચનામુ | ૦૬ |
| **2.** | ફરિયાદ | ૦૯ |
| **3.** | એફ. એસ. એલ. રિપોર્ટ | ૧૦ |

બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા;

| ક્ર. નં. | દસ્તાવેજનું વર્ણન | આંક |
|---|---|---|
| – | – | – |

મુદ્દામાલની વિગત;

| ક્ર. નં. | આર્ટિકલ નં. | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| – | – | – |

:ચુકાદો:

1. ફરીયાદ પક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીએ પોતાના કબજાના ઘરના આગળના ભાગે પ્લાસ્ટીકના કેનમાં દેશી દારૂ ૦૩ લીટર કી.રૂ|. ૬૦૦/– નો વગર પાસ પરમીટે રાખી જાહેરમાંથી મળી આવી પકડાઈ જઈ ગુન્હો કરેલ છે જે મતલબની ફરીયાદ આ કામના ફરીયાદીએ આ કામના આરોપી વિરૂધ્ધ વલસાડ સીટી પોલીસ સ્ટેશનમાં આપતા પોલીસે ગુનો નોંધી

તપાસની કાર્યવાહીના અંતે ત.ક. અમલદારે આરોપી વિરુધ્ધ ધી ગુજરાત પ્રોહી.એકટની કલમ–૬૫ એએ મુજબના શિક્ષાનેપાત્ર પુરતા પુરાવા મળી આવતા અત્રેની અદાલત સમક્ષ ચાર્જશીટ કરેલ.

2. વલસાડ સીટી પોલીસ સ્ટેશનમાં આપતા પોલીસે ગુનો નોંધી તપાસની કાર્યવાહીના અંતે ત. ક. અમલદારે આરોપી વિરુધ્ધ ધી ગુજરાત પ્રોહી. એકટની કલમ–65 એએ મુજબના શિક્ષાનેપાત્ર પુરતા પુરાવા મળી આવતા અત્રેની અદાલત સમક્ષ ચાર્જશીટ કરેલ.

3. આ કામે આરોપીને સમન્સની બજવણી થતાં, આરોપી અદાલત સમક્ષ તેના વિ.વ.શ્રી મારફતે હાજર થતા, ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–230 અન્વયે વિના મૂલ્યે ચાર્જશીટ સહિત પોલીસ કાગળની નકલો આપવામાં આવેલી છે. ત્યારબાદ આરોપી વિરુદ્ધ આંક – ૦૩ થી તોહમતનામુ ફરમાવી આંક –૦૪ થી આરોપીની પ્લી રેકોર્ડ કરતાં, તેઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરેલ હોઈ, આરોપી સામેનો આક્ષેપીત ગુનો પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષે નોંધવામા આવેલ છે.

4. ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ, આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–351 અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલુ છે જેમા આરોપીઓ પોતાની સામેના આક્ષેપોનો ઈન્કાર કરી તેમની સામે ખોટો કેસ કરેલ હોવાનુ જણાવેલ છે.

5. સદરહું ફરિયાદ પક્ષે રજૂ કરેલ પુરાવા તથા પક્ષકારોના વિ. વ. શ્રીઓની મોખીક દલીલો ધ્યાને લેતા આ કેસના આખરી નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

<u>**: મુ દ્દા ઓ :**</u>

1. શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ પોતાના કબજાના ઘરના આગળના ભાગે એક પ્લાસ્ટીકના કેનમાં દેશી દારૂ ૦૩ લીટર કી.રૂ|. ૬૦૦/– નો વગર પાસ પરમીટે રાખી જાહેરમાથી મળી આવી પકડાઈ જઈ ધી પ્રોહી.એકટની કલમ 65 (એ)(એ)મુજબનો શિક્ષાનેપાત્ર

ગુનો કરેલ છે ?

2. શું હુકમ ?

6. ફરિયાદ પક્ષે રેકર્ડ ઉપર આવેલ સમગ્ર પુરાવા તથા કેસની હકીકતો ધ્યાને લેતા, ઉપરોક્ત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

1. નકારમાં.
2. આખરી હુકમ મુજબ.

**<u>: નિર્ણય માટેનાં કારણો :</u>**

મુદ્દા નંબર – **1** અને **2**

7. આ કામે ફરીયાદ પક્ષ અને આરોપી તરફે વિ.વ.શ્રીઓની લંબાણપૂર્વક દલીલો સાંભળી. બંને પક્ષોની દલીલો મારી ચર્ચામાં આવરી લીધેલ હોય અલગથી ઉલ્લેખ કરેલ નથી. સદર કામે આરોપી સામે આક્ષેપિત ગુનાની જોગવાઈ નીચે મુજબ છે

**65AA. Punishment of possession, etc. of lesser quantity of intoxicantPenalty for illegal import, etc., of intoxicant or hemp.** Notwithstanding anything contained in Section 65, whosoever sells, buys, possesses or transports any intoxicant which is less than the quantity as specified by the State Government by the notification in the Official Gazette, shall, on conviction, be punished, for each such offence with imprisonment for a term which may extend to three years and also with fine.

**Notification**
**Home Department Sachivalaya, Gandhinagar.**
**Dated: 2nd July, 2019**
**The Gujarat Prohibition Act, 1949**

**No. GG/65/2019/VDR/10/2009/2061/E-1:- In exercise of the powers conferred by section 65AA of the Gujarat Prohibition Act, 1949 (Bom. XXV of 1949), the Government of Gujarat hereby *specifies the quantity of intoxicant to be twenty liters.***

8. સદર કામે આરોપી વિરુદ્ધ ધી ગુજરાત પ્રોહિબિશન એક્ટ, 1949ની કલમ 103 ધ્યાને લેવામા આવે તો તેમાં Presumption as to commission of offences in certain cases જણાવેલ છે જે મુજબ (1) In prosecutions under any of the provisions of this Act, it shall be presumed without further evidence, until the contrary is proved, that the accused person has committed in offience under this Act જેથી સ્પષ્ટપણે ગુજરાત પ્રોહિબિશન એક્ટ હેઠળની ટ્રાયલમાં એવું માની લેવાની કોર્ટની ફરજ કે જ્યાં સુધી વિરુદ્ધ સાબિત ન થાય ત્યાં સુધી આરોપીએ આ અધિનિયમ હેઠળ ગુનો કર્યો છે.

9. મોખિક પુરાવાનો મૂલ્યાંકન

(9.1) ફરીયાદ પક્ષ દ્વારા આરોપી સામે આંક –૦૩ થી ફરમાવવામાં આવેલ તહોમતનામુ પુરવાર કરવા માટે આંક – ૦૫ અને ૦૭ થી પંચ સાહેદને તપાસવામાં આવેલ છે, જો કે પંચોએ આંક – ૦૬ વાળા પંચનામાની વિગતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. પંચ સાહેદ

પંચનામામાં માત્ર સહી ઓળખી બતાવે છે. આ સહીઓ પોલીસ સ્ટેશનમાં કરેલ હોવાની હકીકત જણાવેલ છે. જેથી ફરીયાદ પક્ષે તેમને વિમુખ જાહેર કરી ત્યારબાદ પંચોની ઉલટ તપાસ કરેલી તેમ છતા ફરીયાદ પક્ષ કોઈ મહત્વની હકીકત બહાર લાવી શકેલ નથી. આમ, પંચનામાની હકીકતને ફરીયાદ પક્ષ સાબીત કરી શકેલ નથી.

(9.2) ફરીયાદપક્ષે આંક–૦૮ થી ત.ક.અ. સંજયભાઈ તુલસીભાઈનાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૧/૧૨/૨૦૨૫ ના રોજ આ કામના ફરીયાદી તથા સ્ટાફના અન્ય માણસો તથા પંચો વિગેરે સાથે પ્રોહી. અંગે પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન મળેલ બાતમી કે મોજે. અબ્રામા, તડકેશ્વરની ગલી તા.જી. વલસાડ ખાતે આરોપી દમયંતીબેન રાજેશભાઈ પટેલના ઘરે કોઈ ઈસમ તેના હાથમાં એક પ્લાસ્ટિકનું કેનમાં કઈક રાખતો હોય જેથી બે પંચો બોલાવી બાતમીની સમજ કરી પંચો સાથે સદર બાતમીવાળી જગ્યાએ જતા એક ઈસમ હાથમા કઈક લઈ આવતો હોય જે તેઓએ પોલીસને જોઈ પંચનામુ કરી પ્રોહી. મુદ્દામાલ તપાસ અર્થે કબજે કરેલ. ત્યારબાદ સરકાર તર્ફે ભરતભાઈ સુખદેવભાઈનાઓએ સદર ગુનાની ફરિયાદ હોવાનું જણાવેલ. સદર ઈસમ પાસે મળેલ પ્લા.નું કેન જોતા તેમા આશરે ૦૩ લીટર જેટલુ પ્રવાહી મળી આવેલ. જેનું પંચ રૂબરૂ સુંધી સુંધાવી ખાતરી કરતા તેમા દેશીદારૂની સખત વાસ આવતી હોય તેમાથી એક કાચની શીશીમાં 180 એમએલ જેટલો સેમ્પલ તપાસણી સારૂ દારૂ ભરી લઈ જેની ઉપર લાખથી સીલ કરેલ અને બાકીનો દારૂ રહેવા દીધો. જે અંગેનું વિગતવાર પંચનામુ તેઓએ કરી લઈ સદર મુદામાલ કબજે લઈ સદર આરોપીની અટક કરેલ. સદર ગુન્હો રજિસ્ટર થયા આગળની તપાસ તેમને સોપેલી. તેઓએ તપાસ સંભાળી લીધેલ આ કામે તપાસણી અર્થે મુદામાલ એફએસએલ વલસાડ તરફ મોકલી આપવા કાર્યવાહી કરેલ અને આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નામ.કોર્ટમાં ચાર્જશીટ

કરેલ.આ કામે એફએસએલ રીપોર્ટ પણ રજૂ કરેલ છે.

**(9.3)** આરોપીના વિ.વ.શ્રી.એ ત.ક.અ.ની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, હાલના કેસના પંચો પોલીસ સ્ટેશનના રેગ્યુલર પંચો છે. આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી.

10. આ તબબકે નામ. સર્વોચ્ચ અદાલતે **Kali Ram vs State Of Himachal Pradesh AIR 1973 SC 2773** માં પ્રસિધ્ધ ચુકાદાને ધ્યાને લેવો આવશ્યક જણાય છે તેમાં નીચે મુજબ ઠરાવેલ છે કે,

" One of the cardinal principles which has always to be kept in view in our system of administration of justice for criminal cases is that a person arraigned as an accused is presumed to be innocent unless that presumption is rebutted by the prosecution by production of evidence as may show him to be guilty of the offence with which he is charged. The burden of proving the guilt of the accused is upon the prosecution and unless it relieves itself of that burden, the courts cannot record a finding of the guilt of the accused. There are certain cases in which statutory presumptions arise regarding the guilt of the accused but the burden even in those cases is upon the prosecution to prove the existence of facts which have to be present before the presumption can be drawn. Once those facts are shown by the prosecution to exist the court can raise the statutory presumption and it would, in such an event, be for the accused to rebut the presumption.

Another golden thread which runs through the web of the administration of justice in criminal cases is that if two views are possible on the evidence adduced in the case,one pointing to the guilt of the accused and the other to his innocence, the view which is favorable to the accused should be adopted."

11. આમ ઉપરોક્ત ચુકાદામાં પ્રસ્થાપિત સિદ્ધાંત અને રજૂ પુરાવાઓ ધ્યાને લેતા ફરીયાદ પક્ષે આરોપીઓ દારૂનો "સભાન કબજો *(CONSCIOUS POSSESSION)"* ધરાવતા હોવાની હકીકત પુરવાર કરેલ ન હોય જેથી કલમ *103* હેઠળ ની આરોપી વિરુદ્ધનું અનુમાન માની, આરોપીને ગુજરાત પ્રોહિબિશન એક્ટની જોગવાઈ મુજબ દોષિત ઠરાવી શકાય નહીં. વધુમાં આરોપી સામેનો કેસ વાજબી શંકાથી પુરવાર કરેલ નથી અને જ્યારે ફરિયાદ પક્ષના કેસમાં શંકાઓ ઉદભવે તો આવી શંકા આરોપીના લાભમાં પરિણમી શકે છે અને તે સંજોગોમાં આરોપી નિર્દોષ છૂટવા માટે હકદાર બની શકે છે.

12. ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ ઉપરોકત મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાનુ સમગ્ર રીતે મુલ્યાંકન અને અર્થઘટન કરવામાં આવે તો, એ હકીકત નિર્વિવાદીત છે કે, હાલના કેસમાં આરોપી સામેનો કેસ વાજબી શંકાથી પર પુરવાર કરવા પંચનામાની વિગતે કબજે કરી અંગેનુ વિગતવારનું પંચનામુ પંચોની હાજરીમાં કરેલુ. આ કામે બનાવ સમયે હાલના આરોપીના કબજામાંથી દારૂ કબજે કરેલ હોવાનો અને પ્રોસીકયુશનનો કેસ છે ત્યારે કહેવાતી ઝડતીવાળી જગ્યા જાહેર જગા છે અને આજુ બાજુથી સ્વતંત્ર સહેદો મળી રહેલ તેમ હોવા છતાં આવા કોઈ સ્વતંત્ર સહેદોના નિવેદન હાલના કામે લેવામા આવેલ નથી. જો તેઓના નિવેદન લેવામાં અવોલ હોત તો બનાવ હકીકત રેકર્ડ ઉપર પ્રસ્થાપિત કરી શકેલ હોત. વધુમાં આ કામે તપાસવામાં આવેલ પંચ સાહેદે પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી અને તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલ તેમ જણાવેલ છે. વધુમાં ફરીયાદીની ફરીયાદ જોતાં તેમાં કોઈ જગ્યાએ પંચોના નામ જણાવેલા નથી. જો ઝડતી કરતા અગાઉ પંચોને બોલાવેલ હોત તો તે હકીકત તેઓએ ફરીયાદમાં જરૂર જણાવેલ હોત, પરંતુ આવી કોઈ હકીકત ફરીયાદમાં જણાવેલ નથી અને નહી

જણાવવા સંબંધે કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી. પંચોના નામ ફરીયાદમાં જણાવેલ ન હોય જેથી પંચોની હાજરી મુદામાલ કબજે કરેલ હકીકત સંબંધે શંકા ઉત્પન્ન થાય છે. પોલીસ સાહેદોના પુરાવાને જયાં સુધી તટસ્થ પુરાવાથી સમર્થન ન મળે ત્યાં સુધી તેનાં પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી અને આ કામે તપાસેલ બંને પંચ સાહેદો તટસ્થ સાહેદો છે તેમ છતાં તેઓએ આરોપી પાસેથી કબ્જે કરેલ હોવાની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી જે હકીકત ધ્યાને લેતા પણ પોલીસ સાહેદોના પુરાવામાં વિશ્વસનિયતા જણાય આવતી નથી. આવા સંજોગોમાં જયારે સ્વતંત્ર સાહેદ પંચો સમર્થન આપતા ન હોય ત્યારે બીજા પુરાવા ઉપર આધાર રાખી શકાય નહીં.

13. વધુમાં કાલીરામના ચુકાદામાં નામ. સુપ્રિમ કોર્ટ ધ્વારા કરવામાં આવેલ અવલોકન ધ્યાને લેતા તેમા એવુ ઠરાવેલ કે ફોજદારી કેસમાં જયારે રેકર્ડ પર પડેલ પુરાવાના અંતે બે અલગ અલગ અભિપ્રાય/વ્યુહ એટલેકે એક જે આરોપીને સજા કરવાનો હોય અને બીજો આરોપીને નિર્દોષતાનો અભિપ્રાય હોય તેવા સંજોગોમાં આરોપીની તરફેણનો એટલેકે આરોપીને નિર્દોષ ઠરાવતો અભિપ્રાય અપનાવવો જોઈએ. આમ હાલના કેસમાં આ અદાલત રેકર્ડ પર પડેલ પુરાવાનુ વિશ્લેષણ કરતા આરોપીની તરફેણનો વ્યુહ વ્યાજબી જણાય છે. આમ આ કામે બંને પક્ષના વિ. વકીલશ્રીઓની દલીલ તથા રજુ થયેલ લેખીત તથા મૌખીક પુરાવો ધ્યાને લેતા ફરીયાદ પક્ષ આરોપી સામે ફરમાવવામાં આવેલ તહોમતમાં જણાવ્યા મુજબનો કોઈ ગુનો આરોપીએ કર્યો હોવાની હકીકત શંકાથી પર સાબીત કરી શકેલ ન હોય આ કેસ નિર્ણય અને નિકાલ માટે ઉપસ્થિત મુદ્દા નંબર 1 નો જવાબ નકારમાં આપી મુદ્દા નંબર 2 પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:હુકમ:**

(1) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-2023 ની કલમ-

271 (1) અન્વયે, આરોપી દમયંતીબેન રાજેશભાઈ પટેલ રહે. અબ્રામા, એસ.ટી.વર્કશોપ સામે, તડકેશ્વર મંદિરની ગલીમાં તા.જી.વલસાડ ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ- 65 એએ મુજબના સજાને પાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(2) સદર કામે મુદ્દામાલનો નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(3) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-2023 ની કલમ- 481 અન્વયે આ કામના આરોપીએ રૂા.15,000/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના છ મહીના ના સમયગાળા સુધીના સધ્ધર જામીન તથા જાતમુચરકા અત્રેની અદાલતમાં રજુ કરવા. વિકલ્પે અગાઉ આઆપેલ જામીનખત અપીલ પીરીયડ સુધી લંબાવી આપવા જરૂરી પુરસીસ રજુ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ- ૧૭ મી, માહે, ઓગષ્ટ સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૭.૦૮.૨૦૨૬
વલસાડ

(સુ.શ્રી. પ્રીતિ સાગર)
એડી. જ્યુડી. મેજીસ્ટ્રેટ
વલસાડ
જજ કોડ નં.જીજે-૦૧૬૭૪